શહેરમાં ઝરમરિયા વરસાદથી વાતાવરણમાં ઠંડક પ્રસરી

વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદી વાયરાથી ભીંજારાનો માહોલ : હરિયાળા નગરમાં હિલસ્ટેશન જેવુ વાતાવરણ

ગાંધીનગર તા ૨૧

શહેરમાં છેલ્લા કેટલાક દિવસોથી વરસાદની ગેરહાજરી વચ્ચે દિવસે આકરો તાપ અને ઉકળાટ નગરજનો માટે બેચેનીનુ કારણ બન્યો હતો જયારે છેલ્લા બે દિવસથી વાતાવરણ પલ્ટાના લીધે વાદળિયા વાતાવરણ વચ્ચે ઝરમરિયો વરસાદ વરસતા શહેરમાં ઠંડક પ્રસરી છે. આજે સવારે પણ હળવા વરસાદી ઝાપટાના લીધે સેકટરોમાં પાણીના ખોબોચિયા ભરાયા હતા જયારે વાતાવરણમાં પણ ઠંડક પ્રસરી હતી.

ગાંધીનગરમાં છેલ્લા બે દિવસથી વાતાવરણ પલ્ટાના અંતે ઝરમરિયો વરસાદ વરસતા ભીંજારો પ્રવર્તયો છે. વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદી છાંટણા વરસતા નગરમાં મોસમનો નઝારો નિખર્યો છે. વાતાવરણમાં પણ ઠંડક પ્રસરી છે. અત્યાર સુધી સિઝનનો પુરતો વરસાદ થયો નથી. અલબત્ત માંડ ૬ ઈંચ જેટલો વરસાદ થયો છે. જેના લીધે છેલ્લા કેટલાક દિવસોથી દિવસ દરમિયાન આકરા ઉકળાટ વચ્ચે તાપ પણ અસહ્ય બન્યો હતો જો કે છેલ્લા બે દિવસથી વાતાવરણમાં બદલાવ આવતા નગરજનોએ ગરમીમાં રાહત અનુભવી છે. પરંતુ મેઘરાજાનો મંદ મિજાજ યથાવત છે. મેઘરાજા મનમુકીને વરસવાનુ ભુલી ગયા છે. ગઈકાલથી વાતાવરણ પલ્ટાની અસર વચ્ચે હળવા છાંટણા પડતા વરસાદી મોસમનો નઝારો નિખર્યો છે. પરંતુ વરસાદ માત્ર હાજરી પુરાવીને અદ્રશ્ય થઈ જાય છે. આજે સવારે હળવા વરસાદી ઝાપટાના લીધે સેકટરોમાં વરસાદી પાણીના ખોબોચિયા ભરાઈ ગયા હતા. બીજીતરફ વાતાવરણમાં પણ ઠંડક પ્રસરી હતી. દિવસ દરમિયાન વાદળિયા વાતાવરણ વચ્ચે ઝરમરિયો વરસાદ વરસ્યો હતો. શહેરમાં વાતાવરણ પલ્ટાના લીધે વરસાદી વાતાવરણથી હીલ સ્ટેશન જેવો નઝારો સર્જાયો છે.

જિલ્લામાં હળવા વરસાદી ઝાપટાથી ખેડૂતોને આંશિક રાહત

ગાંધીનગર, તા. ૨૧

જિલ્લામાં આજે હળવા વરસાદી ઝાપટાથી ખેડૂતોને આંશિક રાહત થઈ છે અને હજુ વધુ વરસાદ થશે તેવી આશા બંધાણી છે.

જો કે આજે સવારે જે રીતે આકાશ ગોરંભાયેલુ હતુ તેના પરથી મધ્યમ કે ભારે વરસાદ થશે તેવુ લાગતુ હતુ પરંતુ હળવો વરસાદ માત્ર થયો હતો. આજે સાંજે ૬ વાગ્યા સુધીમાં કલોલમાં ૧૩ મી.મી., માણસામાં ૨ મી.મી., દહેગામ અને ગાંધીનગરમાં ૧-૧ મી.મી. વરસાદ નોંધાયો હતો. જિલ્લામાં સરેરાશ ૪ મી.મી. વરસાદ થયો છે. વરસાદનું સવારે આગમન થયુ હતુ પણ લોકોની અપેક્ષા મુજબનો વરસાદ થયો નથી. જિલ્લામાં આજે ૧૫ દિવસથી વધુ સમય બાદ થયેલા હળવા વરસાદથી ખેડૂતોના જીવમાં જીવ આવ્યો છે. મઘા નક્ષત્રમાં મેઘ મહેર થશે તેવુ ખેડૂતોનું કહેવુ છે.

આજે થયેલા વરસાદને કારણે ખેડૂતોને આંશિક રાહત થઈ છે. જમીનમાં ભેજ આવતાં પાકના ઉગાવાને ફાયદો થશે તેમ ખેડૂતોનું માનવુ છે અને હજુ વરસાદ થશે તેવી આશા જાગી છે.

જિલ્લામાં હજુ ૫૦ ટકા વરસાદની ઘટ

દહેગામમાં આજે થયેલા વરસાદથી હવે વાવણીલાયક ૧૨૫ મી.મી. સીઝનનો વરસાદ થયો

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લાના દહેગામમાં આજે સવારથી સાંજના ૬ દરમ્યાન ૧ મી.મી. વરસાદ થયા પછી તાલુકામાં હવે વાવણીલાયક વરસાદ થયો છે.

દહેગામ તાલુકામાં આ વખતે વરસાદની જે ઘટ છે તેનાથી ખેડૂતો ચિંતીત હતા.

જિલ્લામાં હજુ માંડ ૨૬ ટકા જેટલો વરસાદ સિઝનનો નોંધાયો છે. વરસાદની ગત વર્ષની તુલનામાં ૫૦ ટકા જેટલી ઘટ છે. ગત વર્ષે આજ તારીખ ૨૧ સુધીમાં ૭૧ ટકા સિઝનનો વરસાદ થયો હતો. જેમાં દહેગામમાં ૮૧.૦૧ ટકા વરસાદ થયો હતો. જ્યારે કલોલમાં ૬૦ ટકા, ગાંધીનગરમાં ૭૧ ટકા, માણસામાં ૭૨ ટકા વરસાદ ગત વર્ષે નોંધાયો હતો.

જિલ્લામાં આ વર્ષે દહેગામમાં હજુ સુધીમાં ૧૫.૩૯ ટકા, ગાંધીનગરમાં ૨૪.૭૬ ટકા, કલોલમાં ૩૨.૭૪ ટકા અને માણસામાં ૨૯.૨૫ ટકા વરસાદ નોંધાયો છે.

વરસાદની ભારે ઘટ હોવાથી જિલ્લામાં આકાશી ખેતી કરતા ખેડૂતોને આ વખતે મોંઘા પિયતનો આશરો લેવો પડ્યો છે. આ ઉપરાંત પાકમાં જે જીવાતોનો ઉપદ્રવ થયો છે તેનાથી ભારે નુકશાનની ભીતિ પણ છે.

આજે હળવા વરસાદી ઝાપટાથી ખેડૂતોને આંશિક ફાયદો થયો છે. જો કે મઘા નક્ષત્રમાં થયેલો આ વરસાદ મેઘ મહેર લાવશે તેવુ ખેડૂતો કહેતા થયા છે.

ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનમાં વન્યજીવો માટે આધુનિક ઓપન મોટનુ ૨૪મીએ લોકાર્પણ

પ્રતિવર્ષ પ્રકૃતિ ઉદ્યાનની મુલાકાતે આવતા ૬ લાખ પ્રકૃતિ પ્રેમીઓ માટે મોટ આકર્ષણનુ કેન્દ્ર બનશે ૨૪ મી એ સવારે ૧૦ કલાકે વનમંત્રીના હસ્તે લોકાર્પણ

ગાંધીનગર તા ૨૧

ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન ખાતે આગામી તા ૨૪ ઓગષ્ટના રોજ આધુનિક ઓપન મોટનુ લોકાર્પણ કરાશે. વન્ય જીવની સુરક્ષા તેમજ અનુકુળતાને કેન્દ્ર સ્થાને રાખીને વન્ય પ્રાણીઓને નૈસર્ગિક આવાસમાં રહેતા હોવાની અનુભુતિ થાય તે મુજબની પેટર્ન પર આ આવાસો તૈયાર કરાયા છે. સિંહ દિપડા તેમજ સફેદ વાઘ માટે કુદરતી સંસાધનનો ઉપયોગ કરીને બનાવાયેલા આ આવાસો માટે પથ્થરની ગુફા, શીલા, વૃક્ષ, વનસ્પિત, કાસ્ટ ઘાંસ, વાંસનો ઉપયોગ કરાયો છે.મુલાકાતીઓ પણ પ્રાણીઓને મુક્ત રીતે વિહરતા જોઇ શકશે. પ્રતિવર્ષ પ્રકૃતિ ઉદ્યાનની મુલાકાતે આવતા અંદાજિત ૬ લાખ પ્રકૃતિ પ્રેમીઓ માટે આ ઓપન મોટ આકર્ષણનુ કેન્દ્ર બનશે.

ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન ખાતે સિંહ દિપડા અને વાઘ માટે આધુનિક ઓપન મોટ તૈયાર કરવામાં આવ્યુ છે. જયારે આ ઓપન મોટનુ તા ૨૪ ઓગષ્ટના રોજ લોકાર્પણ કરવામાં આવશે. ગીર ફાઉન્ડેશન દ્વારા ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનના પ્રાણી સંગ્રાહલય ખાતે સિંહ, વાઘ અને દિપડા માટે ઓપન મોટ પ્રકારના આધુનિક આવાસો તૈયાર કરી દેવાયા છે. વન્ય જીવની સુરક્ષા અને અનુકુળતાને ધ્યાનમાં રાખીને ઓપન મોટ તૈયાર કરાયા છે. આ ઓપન મોટ પથ્થર , શીલા વૃક્ષ અને વનસ્પિત, કાસ્ટ વાંસ ઘાસ સહીતની કુદરતી સંસાધનનો ઉપયોગ કરી આવાસોને નૈસર્ગિક બનાવાયા છે. આ આવાસોમાં મુખ્યત્વે વન્યજીવોને આરામ કરવા માટે ગઝેબો પથ્થરની ગુફા, પાણીના ઝરણા, નાના તળાવ, રેમ્પ અને સ્ટેજ પણ બનાવાયા છે. વન્ય જીવો નૈસર્ગિક આવાસમાં રહેતા હોવાની અનુભુતિ થાય તે માટે જંગલ લુકનો ખાસ ખ્યાલ કરાયો છે. આ ઉપરાંત મુલાકાતીઓ માટે ખાસ ગેલેરી તેમજ પટ બનાવી આવાસોની અંદર બહાર ઘનિષ્ઠ વનિકરણ કરી કુદરતી ઓપ આપવામાં આવ્યો છે. આગામી તા ૨૪ ઓગષ્ટના રોજ વનમંત્રી ગણપત વસાવા, રાજયમંત્રી રમણ પાટકરના હસ્તે આ ઓપન મોટનુ લોકાર્પણ કરાશે. એશિયન સિંહ, ભારતીય વાઘ તેમજ દિપડા જેવા બિડાલ કુળના વન્ય પ્રાણીઓ માટે ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન પ્રાણી સંગ્રાહલયમાં રાજયના વન વિભાગના સહયોગથી અદ્યતન આવાસોનુ નિર્માણ કરવામાં આવ્યુ છે. આ નવ નિર્મિત આવાસોમાં મલાકાતીઓ વન્યજીવોને કુદરતી અવસ્થામાં નિહાળી શકશે. ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનની મુલાકાતે આવતા દેશ વિદેશના તેમજ સ્થાનિક નગરજનોને પણ આ ઓપન મોટમાં વન્ય જીવને નિહાળવાનો લ્હાવો મળશે. ગીર ફાઉન્ડેશ સંચાલિત પ્રાણી સંગ્રાહલયમાં સસ્તન સરિસૃપ અને વિહંગ કુળના જુદા જુદા પ્રકારના પ્રાણીઓ અને પક્ષીઓ રાખવામાં આવ્યા છે. આ પ્રકૃતિ ઉદ્યાન ડાયનાસોર અને ફોસિલ પાર્ક અર્થ સેક્શનના લીધે પ્રવાસીઓ માટે આકર્ષણનુ કેન્દ્ર બન્યુ છે. આ ઉપરાંત આ ઉદ્યાનમાં વિવિધ પ્રકારના છોડ , ક્ષૂપ વેલા અને વનસ્પિતઓ ધરાવતો વૈજ્ઞાનિક પધ્ધતિથી તૈયાર કરાયેલો બોટનીકલ ગાર્ડન પણ છે. જેનુ કેક્ટસ ગાર્ડન અનેરુ આકર્ષણ ધરાવે છે. પ્રતિ વર્ષ ૬ લાખ જેટલા મુલાકાતીઓ ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનની મુલાકાત લે છે. સરકારે આ મુલાકાતીઓને મહત્તમ લાભ આપી શકાય તે હેતુસર ઉદ્યાનના વિવિધ વિકાસલક્ષી પ્રોજેકટો હાથ ધરવામાં આવી રહ્યા છે. કેન્દ્ર તથા રાજય સરકારા પ્રયાસથી ભારતીય વાઘ તેમજ એશિયાઇ સિંહ તેમજ દિપડા જેવા બિડાલ કુળના પ્રાણીઓના સંરક્ષણ તેમજ સંવર્ધનના ભાગરૂપે પ્રકૃતિ ઉદ્યાનના મુલાકાતીઓમાં વન્ય જીવ માટે સાહનુભુતિ તેમજ લોકજાગૃતિ કેળવાય તે હેતુસર આ ત્રણેય પ્રજાતિઓના વન્ય જીવો માટે આધુનિક આવાસોનુ નિર્માણ કરાયુ છે. આ આવાસોમાં તેમાં વસવાટ કરનાર વન્યજીવોની રોજીંદી જરૂરીયાતને અનુરૂપ

આવાસોમાં વન્યજીવોને આરામ કરવાના ગઝેબો, પથ્થરની ગુફાઓ, પાણીના ઝરણાં, તળાવ, રેમ્પ અને સ્ટેજ પણ તૈયાર : પથ્થરશિલાઓ, વૃક્ષ વનસ્પતિ, કાષ્ઠ, ઘાસ, વાંસના ઉપયોગથી નૈસર્ગિક આવાસો તૈયાર કરાયા : વન્યજીવ માટેના આવાસો તેમજ સફેદ વાઘની જોડી, સિંહ અને દિપડા ઉદ્યાનનુ આકર્ષણ વધારશે

● અનુસંધાન પાન-૭ પર

ગુજકેટનું પરિણામ જાહેર

૯૯ પર્સેન્ટાઈલ ધરાવતા છ ગ્રુપમાં ૪૭૪ વિદ્યાર્થી : ૬ ઓગસ્ટે ૪ વિષયોની પરીક્ષા લેવાઈ હતી, જેમાં ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, જીવવિજ્ઞાન અને ગણિતની પરીક્ષા લેવાઈ હતી

ગાંધીનગર,તા.૨૧

આજે ગુજકેટનું પરિણામ જાહેર થયું છે. સવારે ૧૦ ના ટકોરે ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડની વેબસાઈટ પર પરિણામ જાહેર કરાયું છે. એન્જિનિયરિંગ અને ફાર્મસીમાં પ્રવેશ માટે ગુજકેટની પરીક્ષા લેવાય છે. ૬ ઓગસ્ટે કુલ ૪ વિષયોની પરીક્ષા લેવાઈ હતી. જેમાં ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, જીવવિજ્ઞાન અને ગણિતની પરીક્ષા લેવાઈ હતી. કોરોના મહામારીને કારણે આ વર્ષે ગુજકેટની પરીક્ષા સિસ્ટમ અલગ હતી. આ વર્ષે પરીક્ષા હિન્દી, ગુજરાતી અને અંગ્રેજી એમ ત્રણ ભાષામાં લેવાઈ હતી. ત્યારે હવે ગુજકેટનું પરિણામ જાહેર થઈ ગયુ છે. બોર્ડની વેબસાઇટ ઉપર વિધાર્થીઓ પરિણામ જોઈ શકશે. જેમાં એ ગ્રુપના ૪૬ હજાર જેટલા વિધાર્થીઓનું પરિણામ જાહેર થયું છે. જ્યારે બી ગ્રુપના ૬૬ હજાર વિધાર્થીઓનું ગુજકેટનું પરિણામ આવ્યું. આમ, ૧ લાખ ૧૩ હજાર વિદ્યાર્થીઓનું ગુજકેટનું પરિણામ જાહેર થયું છે. એ ગ્રુપના ૪૭૪ અને બી ગ્રુપના ૬૭૮ વિધાર્થીઓએ ૯૯ પર્સન્ટાઈલ મેળવ્યા છે. આજે ગુજકેટનું પરિણામ જાહેર કરાયું છે. પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓ પોતાનું પરિણામ જોઈ શકશે. બેઠક ક્રમાંકના માધ્યમથી પરિણામ જાણી શકાશે. ૬ ઓગસ્ટે ગુજકેટની પરીક્ષા લેવાઈ હતી. ધોરણ ૧૨ સાયન્સ પછી ડિગ્રી એન્જિનીયરીંગ અને ડિગ્રી/ડિપ્લોમા ફાર્મસીના અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે ગુજકેટની પરીક્ષાનું આયોજન કરવામાં આવે છે.

મોઢેરા એક્સપ્રેસ

માતૃપ્રેમ પછી નિઃસ્વાર્થ પ્રેમ મામલે જો કોઈ સ્થાન હોય તો તે છે ભગિની પ્રેમ... આ સંબંધોની તોલે જગતમાં બીજો કોઈ સંબંધ આવતો નથી. બહેનના હૃદયમાં પોતાના ભાઈઓ માટે નિઃસ્વાર્થ પ્રેમનુ ઝરણુ હરહંમેશ વહેતુ રહે છે. રક્ષાબંધનનું પર્વ ભાઈ-બહેનના પ્રેમને દર્શાવવાનો અદ્‌ભૂત અવસર છે. રક્ષાબંધનનું પર્વ નજીક આવ્યુ છે ત્યારે બસસ્ટેન્ડ પર ચહલપહલ જોવા મળી રહી છે. બહેનો પોતાના ભાઈના ઘરે રક્ષાબંધનની ઉજવણી કરવા પહોંચી રહી છે. જાહેર પરિવહનના સાધનોની સાથોસાથ ખાનગી વાહનોમાં પણ ભારે ભીડ જોવા મળી રહી છે.

જાહેર સમન્સ

ફરિયાદ નં. CMP/OFFLINE/GANDHINAGAR/200124/000025

ફરિયાદી : શ્રી મીહિરકુમાર જે. વાઘેલા
જી-૮૦૨, શુકન સ્કાય, કુડાસણ,
ગાંધીનગર-૩૮૨૪૨૧

વિરુદ્ધ

સામાવાળા : ૧. રમેશભાઈ પટેલ (મૂળ માલિક)
શુકન રોયલ કોર્પોરેશન
સ્વામિનારાયણ ધામ સામે, કુડાસણ, ગાંધીનગર
૨. શ્રી આશિષભાઈ દીલીપભાઈ પટેલ
૩. શ્રી પ્રદ્યુમન કાંતિલાલ પટેલ
૪. શ્રી નેહુલ દીલીપભાઈ પટેલ
૫. શ્રી જીગ્નેશભાઈ વિષ્ણુભાઈ પટેલ
૬. શ્રી પ્રદિપભાઈ જયંતિભાઈ પટેલ
ઉપરોક્ત ક્રમાંક : ૨ થી ૬નું રજિસ્ટર્ડ એડ્રેસ
'શ્રીફલ હાઈટ્સ' (બાલાજી ઈન્ફ્રાસ્ટ્રક્ચર)
સ્વામિનારાયણ ધામ સામે,
કોબા-ગાંધીનગર હાઈવે, કુડાસણ, ગાંધીનગર-૩૮૨૪૨૧

પ્રોજેક્ટ : 'શ્રીફલ હાઈટ્સ'

ફરિયાદીએ રેરા ઓથોરીટી, સમક્ષ ઉપરોક્ત જણાવેલ નંબરથી તા. ૨૪/૧૦/૨૦૨૦ના રોજ ફરિયાદ દાખલ કરેલ છે. આથી તમો પ્રતિવાદીઓના જણાવેલ સરનામે મળી આવતા નથી. અને ઉપરોક્ત સરનામું છેવટનું જણાય છે. પરંતુ તમારા ચોક્કસ સરનામાનો પત્તો લાગતો નહીં હોવાથી, સમન્સ / નોટીસ વગર બજયે પરત આવેલ હોવાથી ફરિયાદીએ જાહેર નોટીસ / સમન્સ છપાવવાની દાદ માંગતા તે મંજુર કરવામાં આવેલ છે અને તે મુજબ આ જાહેર સમન્સ છપાયેલ છે. ઉપરોક્ત સામાવાળા શ્રીફલ હાઈટ્સ, કુડાસણ, ગાંધીનગર, ગુજરાત ખાતે આવેલ પ્રોજેક્ટમાં દુકાન નં.૮ ફાળવેલ છે. જેના આધાર તરીકે ફરિયાદીએ અત્રે ઓથોરીટી સમક્ષ શુકન રોયલ કોર્પોરેશન તરફથી આપવામાં આવેલ રસીદ રજૂ કરેલ છે.

આથી તમો પ્રતિવાદીઓને આ સમન્સ / નોટીસ ઉપરથી ફરમાવવામાં આવે છે કે, તા. ૨/૯/૨૦૨૧ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે ફરિયાદીની સદરહુ ફરિયાદનો જવાબ આપવા સારું તમારે જાતે અથવા યોગ્ય સુચના આપી હોય તેવા માહિતગાર બીજા કોઈ શખ્સને પોતાની સાથે રાખી અગર વકીલ મારફતે આ ઓથોરીટી સમક્ષ તમારા બચાવ સારું જે ડોક્યુમેન્ટ ઉપર આધાર હોય તેવા સઘળા દસ્તાવેજો સાથે હાજર રહેવું.

આથી તમો પ્રતિવાદીઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, જો ઉપર લખેલ દિવસે અને સમયે તમે હાજર થવામાં કસુર કરશો તો ફરિયાદીની સુનાવણી અને નિકાલ નિયમ મુજબ તમારી ગેરહાજરીમાં કરવામાં આવશે.

તા. ૧૮/૮/૨૦૨૧

સહી/-	સહી/-	સહી/-
(નિશાંત પારેખ)	(એસ. સી. પારેખ)	(એ. જે. દેસાઈ)
લીગલ આસિસ્ટન્ટ	ટેકનિકલ કન્સલટન્ટ	(સચિવાશ્રી)
(તૈયાર કરનાર)	(મુકાબલ કરનાર)	RERA, ગાંધીનગર

દુષિત પાણીની સમસ્યાને લઈ પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ કામગીરી અસરકારક કરે : કલેક્ટર

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લામાં કલોલ તાલુકામાં દુષિત પાણીની સમસ્યાને લઈ જિલ્લા કલેક્ટર કુલદીપ આર્યએ પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના અધિકારીઓને તેમની મોનીટરીંગ સિસ્ટમને વધુ અસરકારક બનાવવાની સાથે સાથે ગંદુ પાણી છોડતા એકમો સામે સખ્ત હાથે કામ લેવાની કડક તાકીદ કરી છે.

ધારાસભ્ય બળદેવજી ઠાકોરે કલોલ નગરપાલિકા અને કલોલ જી.આઈ.ડી.સી.ના એકમો દ્વારા છોડવામાં આવતા ગંદા પાણીને પગલે પલસાણા, બોરીસણા, સાંતેજમાં ૧૦૦ વિદ્યાથી વધુ ખેતરોમાં ખેડૂતોને થઈ રહેલા પારાવાર નુકશાનને લઈ આજે જિલ્લા ફરિયાદ નિવારણ અને સંકલન સમિતિની બેઠકમાં ઉગ્ર રજુઆતો કરી હતી.

એક તબક્કે પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના અધિકારીઓએ તંત્ર દ્વારા થયેલી કામગીરી અંગે જણાવ્યુ હતુ કે ૪ જેટલા એકમોને આ અંગે કલોઝર નોટીસ આપવામાં આવી છે. તંત્ર દ્વારા સતત મોનીટરીંગ થઈ રહ્યુ છે તેમજ સમયાંતરે તપાસ પણ હાથ ધરવામાં આવે છે.

જો કે જિલ્લા કલેક્ટરે ખેતીને નુકશાન થાય તે યોગ્ય નથી અને કડક હાથે કામ લેવા માટે તેમજ અસરકારક મોનીટરીંગની તાકીદ કરી હતી. તેમણે કલોલ ન.પા.ના અધિકારીઓને પણ આ મુદ્દે આડે હાથ લીધા હોવાનું જાણવા મળેલ છે.

સાંતેજ નજીક ટ્રીટમેન્ટ પ્લાન્ટ માટેનો વર્ક ઓર્ડર આપવામાં આવ્યો હોવાનો બચાવ તંત્રના અધિકારીઓએ કર્યો હતો.

આજની આ બેઠકમાં દબાણના મુદ્દે પણ ઉગ્ર રજુઆતો ધારાસભ્ય બળદેવજી ઠાકોરે કરી હતી. ગેરકાયદે દબાણો દૂર કરવામાં તંત્રને પણ જરૂરી સૂચનાઓ કલેક્ટરે આપી હતી. ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાએ શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં વીજ કનેકશનો માટે પડી રહેલી મુશ્કેલીઓ અંગે પણ રજુઆત કરી હતી અને જે અરજીઓ હજુ સુધી પડતર છે તેનો ઝડપી નિકાલ થાય તેવી માંગ કરી હતી.

દુઃખદ અવસાન

મારા ધર્મપત્ની
અ.સૌ.જયાબહેન
તા.૨૦-૦૮-૨૦૨૧ને શુક્રવારના રોજ શ્રીજી ચરણ પામ્યા છે. પ્રભુ સદ્‌ગતના દિવ્ય આત્માને ચિર શાંતિ અર્પે એ જ પ્રાર્થના

વર્તમાન પરિસ્થિતિને કારણે સદ્‌ગતનું બેસણું રાખેલ નથી

મોહનભાઈ ગણેશભાઈ રાંદેરિયા

ઉમેશ મોહનભાઈ રાંદેરિયા — કૈલાસ ઉમેશ રાંદેરિયા
કમલેશ મોહનભાઈ રાંદેરિયા — વર્ષા કમલેશ રાંદેરિયા
વિનોદ મોહનભાઈ રાંદેરિયા — પ્રિતી વિનોદ રાંદેરિયા
અનિકેત, વ્રજેશ, હેત

રાંદેરિયા પરિવાર, સુરત
મો.૯૩૨૮૨ ૩૮૩૫૩, ૯૯૧૩૫ ૨૬૬૦૧

'ૐ ઓનલાઈન ધ્યાન-યોગ સાધના'

માનસિક-શારિરીક નિરામયતા માટે દર રવિવારે સાંજે ૪ થી ૬ દરમિયાન

ફક્ત મેસેજથી જ સંપર્ક કરવા વિનંતી

સંપર્ક નં. ૭૦૧૬૭૬૭૯૮૬
શ્રી મહેશ્વરી

તહેવારોના લીધે શહેરી બસ સેવાનું સંચાલન ખોરવાયું : મુસાફરોને હાલાકી

બહારગામના રૂટમાં બસો દોડાવાતાં ગાંધીનગર-અમદાવાદ વચ્ચે બસ સેવા ખોરવાઇ : અપડાઉનકર્તાઓના બસ માટે વલખાં

ગાંધીનગર તા ૨૧

શહેરમાં છેલ્લા એક સપ્તાહથી શહેરી બસ સેવા સમયસર ન મળતા અપડાઉન કર્તાઓમાં આક્રોશ પ્રવર્તયો છે. શહેરી રૂટની વિવિધ બસોનુ ટાઈમ ટેબલ ખોરવાતા મુસાફરોએ બસ માટે વલખા મારવા પડે છે. નગરના એસ ટી ડેપોમાં પણ ગાંધીનગર અમદવાદ વચ્ચેના રૂટમાં સમયસર બસ ન મળતી હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. હાલ તહેવારના દિવસોમાં બહારગામ જતા મુસાફરોની સંખ્યા વિશેષ હોય છે. જેના લીધે હોળી ધુળેટી સહીત દિવાળી અને સાતમ આઠમના તહેવારોમાં પણ એસ ટી તંત્ર દ્વારા વિવિધ રૂટોમાં બસો દોડાવામાં આવે છે. દાહોદ, ગોધરા તેમજ સૌરાષ્ટ્રના રૂટોમાં ટ્રાફિક વધતા આ રૂટ માટે વધુ બસો દોડાવાની ફરજ પડે છે. જેના લીધે અન્ય ડેપોને પણ ગાંધીનગર ડેપોથી બસો ફાળવવામાં આવે છે. છેલ્લા બે ચાર દિવસથી ગાંધીનગર ડેપાની ૨૫ જેટલી બસો બહારગામના રૂટો માટે ફાળવવામાં આવી છે. જેના લીધે નિયમિત અપડાઉન કરનારાઓ તેમજ વિદ્યાર્થીઓ સહીત અન્ય નોકરીયાતોને સમયસર સલામત સવારી નસીબ થતી ન હોવાનો રોષ પ્રવર્તયો છે. ગાંધીનગરથી અમદાવાદ અપડાઉન કરનારાઓની સંખ્યા વિશેષ છે. જેમાં કર્મચારીઓની પોઈન્ટ બસ સેવાને અનુલક્ષી ખાસ બસો મુકવામાં આવી છે જે નિયમિત રૂપે સમયસર રૂટમાં દોડે છે. પરંતુ અન્ય કામકાજ માટે અમદાવાદ અપડાઉન કરનારાઓને હાલ સમયસર બસ ન મળતી હોવાનો રોષ પ્રબળ બન્યો છે. મુસાફરોએ બસ માટે લાંબા સમય સુધી વલખા મારવા પડે છે. જો કે બહારગામના રૂટો માટે બસો ફાળવવામાં આવતા શહેરી બસ સેવાના સંચાલનને અસર પડી હોવાનુ પણ મનાઈ રહ્યુ છે. આ ઉપરાંત ગ્રામ્ય વિસ્તારમાં દોડતી બસ સેવામાં પણ હાલ કાપ આવી ગયો છે. બહારના રૂટોમાં બસ દોડતા તેમજ ઉપરથી આવતી બસોમાં પુરતો ટ્રાફિક હોવાના લીધે ગ્રામ્ય વિસ્તારના મુસાફરો પણ બસ સેવા વિના વલખા મારી રહ્યા છે.

સિમ્બર સમવાય ઔદિચ્ય બ્રહ્મસમાજ આજે શ્રાવણી પર્વની ઉજવણી કરશે

શ્રી સિમ્બર સમવાય ઔદિચ્ય બ્રહ્મસમાજ ગાંધીનગર અમદાવાદ મંડળ દ્વારા રવિવારે સે-૭ સરકારી કોમ્યુનિટી હોલ ખાતે શ્રાવણી પર્વની ઉજવણી સાથે વાર્ષિક સામાન્ય સભા યોજવામાં આવશે. આ પ્રસંગે સવારે સદાનંદ શાસ્ત્રીના આચાર્ય પદે સામુહિક ઉપનયન બદલવાની ધાર્મિક વિધી પણ યોજાશે. આ કાર્યક્રમની માહીતી આપતા પ્રમુખ ઉમેશભાઈ જોષીએ જણાંવ્યુ હતુ કે શ્રાવણી પર્વ નિમિત્તે યોજાનાર આ સભામાં સનદી અધિકારી તરીકે પસંદગી પામનાર તેમજ યુવક સેવા અને સાંસ્કૃતિક વિભાગમાં કમિશ્નર તરીકે નિયુકત થવા બદલ મુળ ભાદ્રોડના પ્રશાંતભાઈ રવિશંકર જોષીનુ સન્માન કરવામાં આવશે. આ પ્રસંગે સમગ્ર રાજયમાંથી જ્ઞાતિના પ્રતિનિધિઓ પણ ઉપસ્થિત રહેશે. કાર્યક્રમ દરમિયાન દાતા તેમજ તેજસ્વી વિદ્યાર્થીઓના સન્માનની સાથે સાંસ્કૃતિક કાર્યક્રમનુ પણ આયોજન કરવામાં આવ્યુ છે.

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@gmail.com